ક્રમાંકઃસીટીએસ/ચ-૪/પ્રવેશ/૨૦૧૮/૩૯૭૩
રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી,
બ્લોક નંબરઃ ૦૧/ ૩જો માળ, ગુજરાત રાજય,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
તારીખઃ૩૦/૦૫ /૨૦૧૮

**વિષય : સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ / ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોમાં ઓગસ્ટ- ૨૦૧૮ના પ્રવેશસત્ર માટેની માર્ગદર્શક સૂચનાઓ.**

**પ રિ પ ત્ર :**

આ કચેરીના નિયંત્રણ હેઠળ આવેલ રાજયની તમામ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ / ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોના વડાઓને **ઓગસ્ટ-૨૦૧૮**ના પ્રવેશ સત્ર માટે નીચે મુજબની માર્ગદર્શક સુચનાઓ ધ્યાને લઈ પ્રવેશ કામગીરી હાથ ધરવા આથી જણાવવામાં આવે છે.

૧. રાજયના શ્રમ અને રોજગાર વિભાગ હેઠળ આવેલ રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા સંચાલિત સરકારી/ ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થાઓ માં પ્રવેશસત્ર **ઓગષ્ટ-૨૦૧૮** માં ભરવાપાત્ર બેઠકો માટે પ્રવેશવાંચ્છુ ઉમેદવારોને સુવિધા મળી રહે તે માટે ઓનલાઈન (ઈન્ટરનેટના માધ્યમ થી) પ્રવેશ ફોર્મ ભરવાના રહેશે. રાજયના નેશનલ ઈન્ફોર્મેટીક સેન્ટર(NIC) ગાંધીનગર દ્વારા તૈયાર કરવામાં આવેલ કોમ્પ્યુટર સોફ્ટવેરની મદદથી ગુજરાત રાજયનો આઈ.ટી.આઈ. માં પ્રવેશ મેળવવા ઈચ્છતો અને તે માટેની લાયકાત ધરાવતો કોઈપણ ઉમેદવાર ઈન્ટરનેટના માધ્યમ દ્વારા રાજયમાં કોઈપણ સ્થળેથી ઓનલાઈન પ્રવશેફોર્મ ભરી શકશે. તે માટે https://itiadmission.gujarat.gov.in વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરાવી શકશે. તથા તે વેબસાઈટ પર અને આ ખાતાની વેબસાઈટ https://talimrojgar.gujarat.gov.in પરથી માહિતી પુસ્તિકા **એડમીશન-૨૦૧૮** તથા આઈ.ટી.આઈ. વાઈઝ / ટ્રેડવાઈઝ ભરવાપાત્ર બેઠકોની સોફ્ટ કોપી પણ ઓનલાઈન મેળવી શકશે. સંસ્થા ખાતે તાલીમાર્થી/ વાલીઓને સમગ્ર વ્યવસ્થાની માહિતી આપવાની વ્યવસ્થા સંસ્થા કક્ષાએ કરવાની રહેશે. તાલીમાર્થી / વાલીને જરૂર જણાયે ટ્રેડની મુલાકાત પણ કરવા દેવાની વ્યવસ્થા કરવાની રહેશે.

૨. ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવા માટે અગાઉના વર્ષોની જેમ ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવા માટેની વ્યવસ્થા તમામ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ / ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોએ રાખવાની રહેશે. જેથી તાલીમાર્થીઓને વધુ સવલત મળી રહે.

૩. આ કચેરીના તારીખઃ૨૮/૦૬/૨૦૧૧ના પરિપત્ર ક્રમાંકઃરોતાનિ/સીટીએસ/ચ-૪/૨૦૧૧/૩૩૪૬ મુજબ તમામ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ / ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોએ ઉમેદવારો પાસેથી **રૂ.૨૦/-** વસુલ કરી ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાની વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તથા તે પરિપત્રની સુચનાઓને અનુસરવાનું રહેશે.

૪. ઉમેદવાર તેઓની પસંદગીની એક કરતા વધારે સરકારી / ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થાઓ માટે એક જ સ્થળેથી ઓનલાઈન પ્રવેશ ફોર્મ અલગ અલગ ભરી શકશે.

૫. ઓનલાઈન પ્રવેશ ફોર્મની વિગતો ભર્યા બાદ ઉમેદવાર તેનું બારકોડેડ પ્રિન્ટ આઉટ મેળવી તેમાં ફોર્મની નીચે સહી કરી ફોર્મ સાથે તમામ જરૂરી પ્રમાણપત્રો અને બિડાણો (સ્વપ્રમાણિત) સામેલ કરશે. જેવા કે શાળા છોડયાનું પ્રમાણપત્ર, એસ.એસ.સી. / એચ.એસ.સી.ની માર્કશીટ, ટ્રાયલ સર્ટીફીકેટ, જાતિનો દાખલો, આવકનો દાખલો, ડોમીસાઈલ પ્રમાણપત્ર, બેંકનો ખાતા નંબર, બેંક ખાતા પાસબુકના પ્રથમ પાનાની ઝેરોક્ષ, બેંકનો આઈએફએસસી કોડ નંબર, ચુંટણી કાર્ડ(For 18 Years & above ), આધારકાર્ડ, શાળાનું આઈકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ ( For 18 Years & above ) વિગેરે અને ત્યાર બાદ ઉમેદવારે તેઓએ પસંદગીની સંસ્થાઓ માટે ભરેલ પ્રવેશફોર્મના પ્રિન્ટઆઉટ સાથે ઉકત બિડાણો જોડીને તેઓની નજીકની કોઈપણ સરકારી/ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થા ખાતે રૂબરૂમાં ફોર્મ દીઠ **રૂ.૫૦/-** રજીસ્ટ્રેશન ફી ભરીને તેઓના ફોર્મનું રજીસ્ટ્રેશન કરાવશે. રજીસ્ટ્રેશન ફી https://e-trams.gujarat.gov.in/ પરથી ઓનલાઇન ભરવાની રહેશે.

૬. રજીસ્ટ્રેશન કરનાર સંસ્થાએ ઉમેદવાર દ્વારા રજૂ થયેલ પ્રવેશફોર્મ રજીસ્ટ્રેશન ફી સાથે સ્વીકારવાના રહેશે. શકય હોય ત્યાં સુધી NIC દ્વારા આપવામાં આવેલ ઓનલાઈન રજીસ્ટ્રેશનના પ્રોગ્રામ મારફતે ઓનલાઈન જ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. રજીસ્ટ્રેશન કરતી વખતે ઉમેદવાર પાસેથી ફોર્મ સ્વીકારનાર કાઉન્ટર પરના જવાબદાર કર્મચારીએ ઉમેદવારે ફોર્મમાં ભરેલી વિગતો તેણે ફોર્મ સાથે બિડેલ બિડાણો મુજબ ની જ છે કે કેમ તે ચકાસી લેવાનું રહેશે. જો તેમાં ભુલ જણાય તો તે બાબતે ઉમેદવારનું ધ્યાન દોરી થયેલ ભુલ ઉમેદવાર પાસેથી સુધરાવીને સુધારા પાસે સહી મેળવી ત્યાર

બાદ જ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી ફોર્મ સ્વીકાર્યા બદલની પહોંચ આપવાની રહેશે અને ધ્યાને આવેલ ભુલ(ક્ષતિ) હાર્ડ કોપીમાં કરેલ સુધારા ઓનલાઈન સોફટવેર દ્વારા એડીટ કરી સુધારી લેવાના રહેશે. ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓએ રજીસ્ટ્રેશન ફી નોડલ સંસ્થા ખાતે ફોર્મ સ્વીકારવાના છેલ્લા દિવસના તુરત પછીના બીજા દિવસે ૦૨૩૦ સદરે ટ્રેઝરીમાં જમા કરાવવાના રહેશે. નોડલ સંસ્થા આ અંગેની વિગતો મેળવી લેશે.

૭. જે સરકારી / ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થાઓ ખાતે કોમ્પ્યુટરના વ્યવસાયો નથી ચાલતા કે ઈન્ટરનેટની સુવિધાઓ ઉપલબ્ધ નથી તેવી સંસ્થાઓએ પણ રજીસ્ટ્રેશન માટે આવેલ ઉમેદવાર પાસેથી જરૂરી ચકાસણી કર્યા બાદ ફોર્મ સ્વીકારવાના છે. અને ઉમેદવારને ફોર્મ સ્વીકાર્યા બદલની પહોંચ આપવાની છે. પરંતુ આવી સંસ્થાઓએ ફોર્મ સ્વીકાર્યા બાદ નજીકની સકારી / ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ સંસ્થા અથવા તો નોડલ સેન્ટર ખાતે ઓનલાઈન એપ્લીકેશન ડેટા એન્ટ્રીની વ્યવસ્થા કરવાની રહેશે. આ અંગેની વ્યવસ્થા સંબધિત વિભાગના નાયબ નિયામકશ્રી(તાલીમ) કક્ષાએ કરી તે અંગેની અત્રે જાણ કરવાની રહેશે. ઉમેદવાર પાસેથી ફોર્મ સ્વીકારતી વખતે ધ્યાને આવેલી ભુલો પણ મુદ્દા નંબરઃ૬માં જણાવ્યા મુજબ એડીટ કરી લેવાની રહેશે.

૮. ઓનલાઈન પ્રવેશ ફોર્મમાં આપવામાં આવેલ મોબાઈલ નંબરના કોલમમાં ઉમેદવાર દ્વારા મોબાઈલ નંબર આપવામાં આવે તે ખાસ જરૂરી છે. સદર કોલમમાં વિગતો આપવાથી ઉમેદવારને તેમના પ્રવેશ ફોર્મની રજીસ્ટ્રેશન ની વિગત, તેઓનો મેરિટ ક્રમાંક અને એડમીશન માટે રૂબરૂ મુલાકાત માટે હાજર રહેવાની તારીખ SMS દ્વારા જાણ થાય તેવી વ્યવસ્થા NIC ના સોફ્ટવેર દ્વારા કરવામાં આવશે.

૯. દરેક સરકારી/ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓએ તેમનો રૂબરૂ મુલાકાત નો કાર્યક્રમ તૈયાર કરી તેની NIC દ્વારા તૈયાર કરવામાં આવેલ કોમ્પ્યુટર પ્રોગ્રામમાં પ્રવેશ એકશનપ્લાનમાં દર્શાવેલ તારીખે જ અપલોડ કરવાનો રહેશે તથા તેની ડેટાએન્ટ્રી વેબસાઈટ પર પણ કરવાની રહેશે.

૧૦. ઉમેદવારે કઈ આઈ.ટી.આઈ.માં કઈ તારીખે અને સમયે રૂબરૂ મુલાકાત માટે હાજર રહેવાનું છે તે અંગેનો રૂબરૂ મુલાકાતનો કોલલેટર / રૂબરૂ મુલાકાતનો કાર્યક્રમ ઓનલાઈન પ્રિન્ટ કરવાનો રહેશે આ અંગેની જાણ ઉમેદવારને પત્ર દ્વારા કરવામાં આવશે નહિં.

૧૧. ઉમેદવાર દ્વારા એક વખત રજીસ્ટ્રેશન થઈ ગયેલ ફોર્મ કોઈ પણ સંજોગોમાં ઉમેદવારને પરત કરવા નહીં કે રજીસ્ટ્રેશન ફી ની રકમ પરત કરવી નહીં.

૧૨. પ્રવેશ ફોર્મ સ્વીકારવાની કામગીરી ફકત જવાબદાર કર્મચારીઓ દ્વારા જ કરવામાં આવે તેની દરેક સંસ્થાના વડાએ ખાસ તકેદારી રાખવાની રહેશે. સંસ્થા કક્ષાએ ઉભા કરવામાં આવેલ પ્રવેશ કાઉન્ટર પર તાલીમાર્થીઓને આ કામગીરી સોંપવામાં ન આવે તેની ખાસ તકેદારી રાખવાની રહેશે.

૧૩. દરેક સરકારી / ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થાઓએ ઓનલાઈન રજીસ્ટ્રેશન થઈને પરત આવેલ પ્રવેશ ફોર્મ અંગેના રજીસ્ટર નિભાવવાના રહેશે અને સદર રજીસ્ટરમાં ઉમેદવારના નામ સામે તેણે જે સંસ્થા માટે ફોર્મ રજીસ્ટ્રેશન કરાવ્યું હોય તે સંસ્થાનું નામ અને રૂ.૫૦/- રજીસ્ટ્રેશન ફી ની રકમ, રસીદ નંબર તેમજ ફોર્મ રજીસ્ટ્રેશન કરાવ્યાની તારીખ દર્શાવવાની રહેશે અને સંસ્થાએ સ્વીકારેલ ફોર્મ/ રજીસ્ટ્રેશન ફી નો હિસાબ રાખવાનો રહેશે. અને ઓનલાઈન પ્રવેશફોર્મ ભરવાની પ્રકિયા પૂર્ણ થયે તેઓએ સ્વીકારેલ (ઓનલાઈન રજીસ્ટ્રેશન કરેલ પ્રવેશફોર્મ) ફોર્મની સંખ્યા સાથે જમા લીધેલ રજીસ્ટ્રેશન ફી નો હિસાબ તારીખ વાઈઝ / સંસ્થા વાઈઝ નાયબ નિયામક(તાલીમ)ની પ્રાદેશિક કચેરીઓને આપવાનો રહેશે તથા રજીસ્ટ્રેશન ફી સરકારશ્રીના સદરે જમા કરાવ્યા બદલના ચલણની નકલો રજૂ કરવાની રહેશે.

ફોર્મ રજીસ્ટ્રેશન માટે નિભાવવાના થતા રજીસ્ટરનો નમૂનો :

| ક્રમ | રજીસ્ટ્રેશનની તારીખ | ઉમેદવારનું પુરૂ નામ | સ્વીકારેલ ફોર્મનો નંબર | જે સંસ્થા માટે ફોર્મ સ્વીકારેલ છે તે સંસ્થાનું નામ | રજીસ્ટ્રેશન ફી નો પહોંચ નંબર | રજીસ્ટ્રેશન ફી ની રકમ રૂ. |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |

ઓનલાઈન પ્રવેશ ફોર્મ સ્વીકારવાની પ્રક્રિયા પૂર્ણ થયે પ્રવેશ ફોર્મ રજીસ્ટ્રેશન કર્યા અંગે રજુ કરવાની થતી માહિતીના પત્રકનો નમૂનો :

| ક્રમ | સંસ્થાનું નામ | કુલ સ્વીકારેલ પ્રવેશ ફોર્મની સંખ્યા | કુલ સ્વીકારેલ રજીસ્ટ્રેશન ફીની રકમ | જે સંસ્થા માટે ફોર્મ સ્વીકારેલ હોય તે સંસ્થાનું નામ | ક્રમ-૫ ની સંસ્થા માટે સ્વીકારેલ ફોર્મની સંખ્યા | ક્રમ-૬ માં દર્શાવેલ ફોર્મની રજીસ્ટ્રેશન ફી ની રકમ | ચલણ નંબર/ તારીખ | તિજોરી કચેરીમાં જમા કરાવેલ રકમ (ચલણ વાઈઝ) |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |

૧૪. ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાની અને રજીસ્ટ્રેશન કરાવવાની કામગીરી પૂર્ણ થયા બાદ દરેક સરકારી / ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થાઓએ તેઓએ સ્વીકારેલ તેમની સંસ્થાના તેમજ બીજી સંસ્થાના ફોર્મની સંપૂર્ણ ચકાસણી કરાવી લેવાની રહેશે આ અંગેની જવાબદારી ફોર્મ સ્વીકાનાર સંસ્થાના વડાની રહેશે. ત્યાર બાદ મળેલ ફોર્મ સંસ્થા વાઈઝ અલગ કરી જરૂરી પેકેટ બનાવી લેવાના રહેશે. અને તેઓની સંસ્થા માટે

સ્વીકારાયેલ ફોર્મ સિવાયના બાકી તમામ ફોર્મ યોગ્ય પેકેટ બનાવી તેની પર સંબંધિત સંસ્થાનું નામ અને ફોર્મની સંખ્યાની વિગતો દર્શાવી તે અંગે જરૂરી પત્રક તૈયાર કરી નોડલ સંસ્થા ને સુપ્રત કરવાના રહેશે તથા તે અંગેની જરૂરી પહોંચ મેળવી લેવાની રહેશે. નોડલ સંસ્થાએ તેમના તાબા હેઠળની તમામ સંસ્થાઓના સદર સ્વીકારેલ ફોર્મ તમામને મળે તેવી વ્યવસ્થા કરવાની રહેશે અને જરૂરી પહોંચ મેળવી લેવાની રહેશે. તથા બાકી રહેલ અન્ય જિલ્લાની સંસ્થાઓના ફોર્મ તેઓની પ્રાદેશિક કચેરી ખાતે જમા કરાવવાના રહેશે. પ્રાદેશિક કચેરીએ અન્ય જિલ્લા/અન્ય રીજીયનના ફોર્મ સંબધિતોને સુપ્રત કરવા / મેળવી લેવા વ્યવસ્થા કરવાની રહેશે. અને તે અંગેની પહોંચ મેળવી લેવાની રહેશે.

૧૫. સદર તમામ પ્રક્રિયામાં ઉમેદવારોએ રજીસ્ટ્રેશન માટે રજુ કરેલા પ્રવેશ ફોર્મ અને તેની સાથેના બિડાણોને નુકશાન ન થાય કે ગુમ ન થાય તેની ખાસ કાળજી દરેક સંસ્થાએ રાખવાની રહેશે અને તે માટે ફોર્મ સ્વીકાર્યા બાદ તેને જરૂરી સ્ટેપ્લીંગ થાય કે વ્યવસ્થિત ટેગ લગાવવામાં આવે, યોગ્ય પેકેટ બનાવવામાં આવે, પેકેટ પર જે સંસ્થા માટેના પ્રવેશ ફોર્મ હોય તે સંસ્થાનું નામ અને પ્રવેશ ફોર્મની સંખ્યા દર્શાવતા સ્ટીકર વ્યવસ્થિત રીતે લગાવવામાં આવે વિગેરે તમામ બાબતો માટે દરેક સંસ્થાઓએ ખૂબજ કાળજી રાખવી.

૧૬. ઓનલાઈન પ્રવેશફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ દરેક સંસ્થાને NIC ના સોફટવેરની મદદથી તેઓની સંસ્થા માટે ભરાયેલ પ્રવેશ ફોર્મનો ઓનલાઈન ડેટા ઉપલબ્ધ થશે. અન્ય આઈ.ટી.આઈ. ખાતે જમા થયેલ ફોર્મની વિગતો આ તબકકે ચકાસીને તે મેળવી લેવાની કાર્યવાહી કરવાની રહેશે. જયારે આ ઓનલાઈન ડેટા સંસ્થાને મળે ત્યારે સંસ્થાએ ઓનલાઈન ડેટા મુજબના કુલ ફોર્મની સંખ્યા સાથે તેમની સંસ્થા માટે મળેલ ઓનલાઈન ફોર્મના જથ્થા સાથે સરખાવી લેવાનો રહેશે. આ પ્રવેશ ફોર્મ સાથે તાલીમાર્થીએ સંસ્થાકીય સ્ટાઈપેન્ડ/ શિષ્યવૃત્તિ મેળવવા માટે રજુ કરેલ મુદ્દા નંબરઃપ માં જણાવ્યા મુજબના આધાર પુરાવાઓ સંસ્થા ખાતે જાળવી રાખવાના રહેશે. જેનો ઉપયોગ સ્ટાઈપેન્ડ / શિષ્યવૃત્તિ મંજુર કરતા સમયે કરવાનો રહેશે.

૧૭. ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાની તારીખો દરમ્યાન દરેક સંસ્થાઓએ માર્ગદર્શન કેન્દ્ર ખોલી ચાલુ રાખવાના રહેશે. અને ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવા અંગે માર્ગદર્શન માટે આવનાર ઉમેદવારોને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડવાનું રહેશે. આ સિવાય ઉમેદવારોને ઓનલાઈન મદદ મળી રહે તે માટે રાજય કક્ષાએ તથા વિભાગીય કક્ષાએ ટેલીફોનીક માર્ગદર્શન કેન્દ્રો ખોલવામાં આવેલ છે તે ટેલીફોન નંબર પર કોલ કરીને પણ ઉમેદવારો માર્ગદર્શન મેળવી શકશે. વિભાગીય કક્ષા સિવાયનો રાજય કક્ષાના ટેલીફોનીક માર્ગદર્શન અંગે આપવામાં આવેલ ટેલીફોન નંબર ટોલ-ફ્રી રહેશે. જે દ્વારા ઉમેદવારને GIL ગાંધીનગરના કોલ સેન્ટર પરથી માર્ગદર્શન મળી શકશે. વધુમાં

ઉમેદવારોને એ પણ માર્ગદર્શન આપવું કે આ ફોર્મ બહાર ઓનલાઈન એન્ટ્રી કરીને પ્રિન્ટ આઉટ કરાવવા માટેનો ખર્ચ આશરે રૂા.૨૦/- જ થશે તેવી પણ સમજ આપવી. સરકારી / ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે રૂા.૨૦/- વસુલ કરી ઉમેદવારોને ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરી આપવાના રહેશે. ઓનલાઈન એન્ટ્રી તમામ સ્થળે થાય એ માટે આચાર્યશ્રી ઇ-ગ્રામ, જનસેવા કેન્દ્રના અધિકારીશ્રીને મળીને પુરી સમજ આપી તાલીમાર્થીઓના હીતમાં વ્યવસ્થા શરૂ થાય એ માટેના પુરા પ્રયત્નો કરશે અને આમ છતાં તાલીમાર્થીઓને પડતી મુશ્કેલી ધ્યાને આવે તો સંસ્થા કક્ષાએ અથવા જયાં સગવડ નથી તે કિસ્સામાં નાયબ નિયામકશ્રી (તાલીમ) સુચવે તે સ્થળે ઓનલાઈન એન્ટ્રીની વ્યવસ્થા કરવાની રહેશે.

૧૮. જો કોઈ ઉમેદવાર સંસ્થા ખાતે માહિતી પુસ્તિકા લેવા આવે તો તેવા ઉમેદવારો પાસેથી એક માહિતી પુસ્તિકા દીઠ રૂા.૨૫/- લઈને તેમને માહિતી પુસ્તિકા આપવાની રહેશે. તથા માહિતી પુસ્તિકા વેચાણ કરવા અંગેનું રજીસ્ટર નિભાવી માહિતી પુસ્તિકાના વેચાણ પેટે થયેલ આવક સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

૧૯. પ્રવેશ સત્ર **ઓગષ્ટ-૨૦૧૮** માટે સંસ્થાને તેઓનો ઓનલાઈન ડેટા ઉપલબ્ધ થયા બાદ બાકીની તમામ કાર્યવાહી અગાઉના વર્ષોની જેમ જ રહેશે. આ માટે https://e-trams.gujarat.gov.in સોફટવેર વાપરવાનું રહેશે. પ્રવેશ અંગેનો વિગતવાર કાર્યક્રમ આ સાથે સામેલ રાખેલ છે તે મુજબ દરેક સંસ્થાએ કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

૨૦. અનુભવે એવું જણાયું છે કે, મોટા ભાગના જિલ્લાઓમાં તાલીમાર્થીઓ નોડલ સંસ્થામાં પ્રવેશને અગ્રતાક્રમ આપતા હોય છે. જિલ્લાની નાની સંસ્થામાં પ્રવેશ મેળવ્યા બાદ તેને રૂબરૂ મુલાકાત માટે નોડલ સંસ્થામાં બોલાવવામાં આવે અને તક મળે, તો તે નાની સંસ્થાનો પ્રવેશ રદ કરાવે છે અને ટ્રેડ / બેચમાં સંસ્થાની સરવાળે ઘટ પડે છે. આથી રૂબરૂ મુલાકાતનો કાર્યક્રમ જિલ્લાની નોડલ સંસ્થા પ્રથમ નકકી કરશે અને ત્યાર બાદ નાની સંસ્થા કાર્યક્રમ નકકી કરશે. નોડલ સંસ્થાના આચાર્યશ્રી પોતાના જિલ્લાની સંસ્થાઓનો પરામર્શ કરીને આ કાર્યક્રમ નકકી કરશે. તેમ છતાં કોઈ પણ પ્રકારની મુશ્કેલી દરમ્યાન સંબધિત **નાયબ નિયામકશ્રી (તાલીમ) અથવા શ્રી ડી. વી. મહેતા, ટેકનિકલ અધિકારીશ્રી (મો) ૯૬૮૭૬૫૬૦૪૯ અને શ્રી જે. એન. ઝવેરી, ટેકનિકલ અધિકારીશ્રી (મો) ૯૬૮૭૬૩૦૩૪૫** નો સંપર્ક કરવાનો રહેશે.

૨૧. **ઓગષ્ટ-૨૦૧૮** પ્રવેશસત્ર માટેની સીટફાઈલ ફાઈનલ કરતાં પહેલાં નોડલ સંસ્થા પોતાના જિલ્લાની સંસ્થાઓના ટ્રેડ/બેચના એફીલીએશન સ્ટેટસને ધ્યાને અવશ્ય રાખશે તથા જે તે પ્રાદેશિક કચેરીના વડા પણ સીટફાઈલને આખરી કરતાં પહેલાં એફીલીએશનના મુદ્દાનું અચુક ધ્યાન રાખશે. સીટફાઈલમાં જે તે સંસ્થા / ટ્રેડ સામે ડી.જી.ઈ.ટી. દ્વારા મળેલ એફીલીએશન નંબર અવશ્ય દર્શાવવાનો રહેશે. જેથી પ્રવેશનો ડેટા ડી.જી.ઈ.ટી. નવી દિલ્હીને મોકલતા સમયે મુશ્કેલી ઉપસ્થિત ન થાય.

૨૨. કેટલીક ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓએ સ્વીકારેલ ઓફલાઈન પ્રવેશ ફોર્મ પોતાની સંસ્થા કક્ષાએ પ્રવેશ ફોર્મ સંસ્થાકક્ષાએ રજીસ્ટર્ડ કરવાની છેલ્લી તારીખ સુધી **ITI Login** ઓપ્શનમાં લોગઈન થઈ સંસ્થા કક્ષાએ ઓનલાઈન પોગ્રામની વેબસાઈટ https://itiadmission.gujarat.gov.in પર ઓનલાઈન એન્ટ્રી કરી શકાશે.જેથી સંસ્થા કક્ષાએ કોઈ પણ પ્રવેશ ફોર્મ પડતર ન રહે જેની તમામે ખાસ નોંધ લેવી.

૨૩. **ઓગષ્ટ-૨૦૧૮**ના સત્રમાં સંપૂર્ણ પ્રવેશ પ્રક્રિયા સેન્ટ્રલાઈઝડ કોમ્પ્યુટર સોફટવેરથી હાથ ધરવામાં આવનાર હોઈ દરેક સરકારી/ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થા ખાતે કનેકટીવીટી (Good Quality), WinXp SP3 કે Win 7 કે તે પછીની OS વાળુ PC, તાલીમ પામેલ કોમ્પ્યુટર જાણકાર કર્મચારી હોવા જરૂરી છે. **ઓગષ્ટ-૨૦૧૮**માટે જરૂરી તમામ પ્રાથમિક વ્યવસ્થા જેવી કે, **યુ.પી.એસ., લાઈટ માટે જનરેટર, પ્રિન્ટર, કાટ્રીઝ, સ્ટેશનરી વિગેરે ઈન્ફ્રાસ્ટ્રકચર** તૈયાર રાખવાનું રહેશે. જે સંસ્થા / કેન્દ્રો પાસે આવી સુવિધા ઉપલબ્ધ ન હોય તેઓએ ઈન્ફ્રાસ્ટ્રકચર અપગ્રેડ કરવા માટે જે તે કક્ષાએ સત્તામર્યાદાને આધિન કાર્યવાહી કરવા અથવા સક્ષમ સત્તાધિશને દરખાસ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. દરેક સંસ્થા ખાતે પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન કનેકટીવીટી ચાલુ / સારી હાલતમાં રહે તે માટે આગોતરૂ આયોજન હાથ ધરી ઘટતી કાર્યવાહી કરવાની રહેશે.

૨૪. ગત વર્ષના અનુભવ તથા ઓછી મળેલ અરજીઓ ધ્યાને લઈ રાજયમાં આવેલ અંધ અપંગો માટે વ્યવસાયિક તાલીમ આપતા કેન્દ્રો તથા **ડીસેબલ** સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, **રાજકોટ** તથા **વડોદરા** દ્વારા પ્રવેશ પ્રક્રિયા જે તે સંસ્થા દ્વારા સ્થાનિક કક્ષાએ પ્રચાર પ્રસાર સંસ્થા કક્ષાએ કરી હાથ ધરવાની રહેશે.

૨૫. ૧૯૯૬ પછી સ્ટ્રીમ જનરલ કરવામાં આવેલ હોઈ ધોરણ-૧૦ની સ્ટ્રીમ રદ કરવાની રહેશે.

૨૬. ક્ષેત્રિય કચેરીઓના પ્રવેશની કાર્યવાહી સાથે સંકળાયેલા કર્મચારીઓના નવા યુઝર આઈ-ડી બનાવવા / પાસવર્ડ એકટીવેટ કરવા રીજીયોન ડાયરેકટરશ્રી/ જિલ્લા કક્ષાની નેશનલ ઈન્ફોર્મેટિક સેન્ટર(NIC )કચેરીનો સંપર્ક કરી તાત્કાલિક કાર્યવાહી કરવાની રહેશે.

કોઈ કર્મચારી બદલી થઈને અન્ય સંસ્થા / કચેરીમાં નિમણૂંક પામેલ હોય કે કોઈ પણ કારણોસર સંસ્થામાં પ્રવેશની કામગીરી ન કરતાં હોય તેવા કર્મચારીના જુના યુઝર આઈ-ડી / પાસવર્ડ ઉપર નવા કર્મચારીએ કોઈ પણ સંજોગોમાં પ્રવેશની કામગીરી કરવાની નથી. પરંતુ તાત્કાલિક પ્રવેશ કામગીરી માટે નિયુકત કરેલ કર્મચારીના નવા યુઝર આઈ-ડી અને પાસવર્ડ મેળવી લેવાના રહેશે.

તેજ પ્રમાણે કોઈ કર્મચારી જેની પાસે ગત વર્ષનું યુઝર આઈ-ડી / પાસવર્ડ હોય અને તેઓ અન્ય સંસ્થા / કચેરીમાં બદલીથી નિમણૂંક પામેલ હોય તો તેમની નવી નિમણૂંકની સંસ્થા / કચેરી ખાતે તેઓએ તેમના જુના યુઝર આઈ-ડી / પાસવર્ડનો ઉપયોગ કરવાનો રહેતો નથી. પરંતુ જો તેમને નવી સંસ્થા / કચેરી ખાતે પણ

પ્રવેશની કામગીરી સોંપવામાં આવેલ હોય તો પણ નવેસરથી યુઝર આઈ-ડી / પાસવર્ડ મેળવી લેવાનો રહેશે.

૨૭. મેરિટ પદ્ધતિ અંગેની વધુ વિગતો માહિતી પુસ્તિકામાથી જોઈ લેવાની રહેશે.

૨૮. ગત વર્ષની જેમજ ચાલુ વર્ષે પ્રવેશવાંચ્છુ ઉમેદવારોને આપવાના પ્રવેશ સ્વીકૃતી પત્રો / પ્રવેશ આપ્યા બદલની પહોંચ / ટયુશન ફી / કોશનમની ડિપોઝીટની પહોંચ NIC દ્વારા તૈયાર કરવામાં આવેલ કોમ્પ્યુટર સોફટવેર પ્રોગ્રામથકી પ્રિન્ટ કરીને ઉમેદવારોને આપવાના રહેશે.

૨૯. સોફટવેર બાબતે કોઈ પણ રજુઆત હોય તો NIC નો સીધો સંપર્ક નહીં કરતાં જે તે પ્રાદેશિક કચેરી મારફતે વડી કચેરીનો સંપર્ક ઈ-મેઈલઃitiadmission2017@gmail.com ઉપર કરવાનો રહેશે.

૧. **<u>પ્રવેશ કાર્યક્રમ</u>:**

૧.૧ દર વર્ષે નાયબ નિયામકશ્રી(તાલીમ), પ્રાદેશિક કચેરી, અમદાવાદ/વડોદરા/રાજકોટ /સુરતના પ્રવેશ કામગીરી કરતા જાણકાર ટેકનિકલ એક્ષપર્ટ તથા આ કચેરી દ્વારા રચાયેલ પ્રવેશ કમિટિના અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને ઓનલાઈન પ્રવેશના તાલીમ કાર્યક્રમમાં NIC ગાંધીનગર તથા વડી કચેરી દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શન સુચનાઓને પ્રવેશસત્ર **ઓગષ્ટ-૨૦૧૮** માં અનુસરવાનું રહેશે. આ બાબતે નાયબ નિયામકશ્રી (તાલીમ), પ્રાદેશિક કચેરી, અમદાવાદ/વડોદરા/રાજકોટ/સુરત દ્વારા તેમના તાબા હેઠળની સંસ્થાઓને વાકેફ કરવાના રહેશે.

૧.૨ ઓનલાઈન રજીસ્ટર્ડ થયેલ ઉમેદવારોના ડેટા NIC ગાંધીનગર દ્વારા કોમ્પ્યુટર સોફટવેરની મદદથી ઓનલાઈન ઉપલબ્ધ કરાવવામાં આવશે તે મુજબ તમામ સંસ્થાઓએ ઉમેદવારોને મેરીટના ધોરણે રાબેતા મુજબ દરવર્ષની જેમ જ પ્રવેશ આપવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

૧.3 સંસ્થા ખાતે **ઓગષ્ટ-૨૦૧૮** ના પ્રવેશ સત્રમાં ભરવાપાત્ર કુલ બેઠકોની સામે રજીસ્ટર્ડ થયેલ ઓનલાઈન અરજી પત્રકોની સંખ્યાને ધ્યાને લઈને પ્રવેશ મેળવવા ઈચ્છુંક ઉમેદવારો માટેનો રૂબરૂ મુલાકાતનો કાર્યક્રમ મોડામાં મોડા **<u>તારીખઃ૨૯/૦૬/૨૦૧૮</u>** ના રોજ અચૂક નોટીસ બોર્ડ પર મોટા અક્ષરે વાંચી શકે તેવી રીતે પ્રસિદ્ધ કરવો. સાથો સાથ ઉમેદવારોને રૂબરૂ મુલાકાતના દિવસે તેઓને લાગુ પડતી ફી / કોશનમની ડીપોઝીટ અચૂક લાવે તેવી સ્પષ્ટ સુચનાઓ આપવી. આ કાર્યક્રમ NIC ગાંધીનગર દ્વારા તૈયાર કરવામાં આવેલ કોમ્પ્યુટર સોફટવેર પ્રોગ્રામમાં **<u>તારીખઃ૨૯/૦૬/૨૦૧૮</u>** ના રોજ ઓનલાઈન ડેટા એન્ટ્રી કરવાની રહેશે.

૧.૪ અરજદાર ઉમેદવારોના ઓનલાઈન માન્ય કરેલ અરજી પત્રકો ઉપરથી સોફટવેર દ્વારા બનાવેલ મેરીટ યાદી નોટીસ બોર્ડ પર પ્રસિદ્ધ કરવી. તથા સ્થાનિક વર્તમાનપત્રોમાં મેરીટ યાદી પ્રસિદ્ધ થયા બાબતની જાણ કરતી વિનામૂલ્યે પ્રેસનોટ આપવી.

૧.૫ સંસ્થા ખાતે ભરવાપાત્ર બેઠકોની સંખ્યાને ધ્યાનમાં રાખીને કયા મેરીટ સુધીના કેટલા ઉમેદવારોને કયા કયા દિવસોએ રૂબરૂ મુલાકાત અર્થે બોલાવવા તેનો વિગતવાર કાર્યક્રમ નોટીસ બોર્ડ પર વાંચી શકાય તેવી રીતે પ્રસિદ્ધ કરવો.

૨. <u>કાઉન્સીલીંગ</u>:

પ્રવેશ ઈચ્છુંક ઉમેદવારોને વિવિધ વ્યવસાયોની તાલીમ બાદ કયા કયા ઔદ્યોગિક ગૃહોમાં કેવા પ્રકારની રોજગારી અથવા સ્વરોજગારી પ્રાપ્ત થઈ શકે છે તેની વિસ્તૃત જાણકારી અર્થે સુવ્યવસ્થિત કાઉન્સીલીંગ થાય તેવી અલગ વ્યવસ્થા ગોઠવવી. જેથી કરીને પ્રવેશ કમિટીનો સમય ઓછો બગડે અને પ્રવેશની કામગીરી સરળતાથી ઝડપી થાય.

૩. **<u>પ્રમાણપત્રોની ચકાસણી</u>**:

૩.૧ રૂબરૂ મુલાકાતના દિવસે ઉપસ્થિત રહેનાર ઉમેદવારોના અસલ પ્રમાણપત્રો જેવા કે, શાળા છોડયાનું પ્રમાણપત્ર, એસ.એસ.સી./એચ.એસ.સી.ની માર્કશીટ, ટ્રાયલ સર્ટીફીકેટ, જાતિનો દાખલો, આવકનો દાખલો, ડોમીસાઈલ પ્રમાણપત્ર, બેંકનો ખાતા નંબર, બેંકની પાસબુકના પ્રથમ પાનાની ઝેરોક્ષ, બેંકનો આઈએફએસસી કોડ નંબર, ચુંટણી કાર્ડ (<u>For 18 Years & above</u> ), આધારકાર્ડ, શાળાનું આઈકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ (<u>For 18 Years & above</u> ) વિગેરે અરજી પત્રકોની વિગતો સાથે અધિકૃત કરેલ કર્મચારી દ્વારા ચકાસણી કરાયેલ છે તેની સહી કરાવવી અને ત્યાર બાદ જ પ્રવેશ આપવો.

૩.૨ ઈન્ટરવ્યુમાં હાજર રહેલા ઉમેદવારોની રજીસ્ટર પર સહીઓ લેવાની રહેશે, તેમજ **ઓગષ્ટ-૨૦૧૮** ના પ્રવેશ સત્ર માટે આપની સંસ્થા ખાતે ભરવાપાત્ર વ્યવસાયની એફીલીએટેડ / અનએફીલીએટેડ વિગેરે બાબતોની ચકાસણી કરી લેવાની રહેશે. ટ્રેડ પસંદગી કર્યા બાદ છ માસની ટયુશન ફી, કોશનમની ડીપોઝીટ મેળવ્યા બાદ જ પ્રવેશ આપવાનો રહેશે. આ દરમ્યાન તાલીમાર્થી સંસ્થાકીય સ્ટાઈપેન્ડ/ સમાજકલ્યાણ ખાતાની શિષ્યવૃત્તિ મેળવવા માંગતા હોય તો તે અંગેનું ઓનલાઈન પ્રિન્ટ કરેલ ફોર્મ તમામ આધારભુત પુરાવાઓ સાથે મેળવી લઈ સંસ્થાના રેકર્ડમાં રાખવાનું રહેશે. જેનો ઉપયોગ ઓનલાઈન સ્ટાઈપેન્ડ / શિષ્યવૃત્તિની ચુકવણી / મંજુરી વખતે ધ્યાને લેવાનું રહેશે.

3.3 એન.સી.વી.ટી. / જી.સી.વી.ટી. પેટર્નના વ્યવસાયોમાં પ્રવેશ મેળવનાર ઉમેદવારોની ફી લેતી વખતે સ્કુલલીવીંગ સર્ટિફિકેટ અસલમાં મેળવી લેવાનું રહેશે. તેવા ઉમેદવારો ડીપ્લોમા / એન્જીનીયરીંગ / મેડીકલ જેવા ઉચ્ચ કક્ષાના અભ્યાસક્રમમાં જોડાવા અર્થે આ સર્ટિફીકેટની માંગણી કરે ત્યારે પુરાવા સહિત અરજી કરવાથી સદર સર્ટિફિકેટ ઉમેદવારને પરત આપવાના રહેશે, જયારે અન્ય કિસ્સામાં **જાન્યુઆરી-૨૦૧૮** માં જ પરત કરવાના રહેશે.

૩.૪ પ્રવેશ કાર્યવાહી દરમ્યાન અગાઉની સુચના મુજબ સ્કુલલીવીંગ સર્ટિફિકેટ ઉમેદવારે અસલમાં સાથે લાવવાનું રહે છે. પરંતુ તેમા આંશિક છુટ છાટ આપતા, ઉમેદવાર જો જે તે શાળાના આચાર્યશ્રી પાસેથી જન્મનો દાખલો અસલમાં સાથે લાવે તો તેને ગ્રાહય રાખવો. પરંતુ આવા ઉમેદવારોએ પ્રવેશ મેળવ્યા બાદ તેઓનું અસલ સ્કુલલીવીંગ સર્ટિફિકેટ ચાર દિવસમાં રજુ કરવાની બાંહેધરી આપવાની રહેશે. જો આવા ઉમેદવાર ચાર દિવસમાં અસલ સ્કુલ સર્ટિફિકેટ રજુ કરવામાં નિષ્ફળ જાય તો તેઓનો પ્રવેશ રદ ગણવાનો રહેશે.

૪. <u>ઈન્ટરવ્યું કાર્ય પદ્ધતિ</u>:

૪.૧ આ કચેરીના તારીખઃ૧૨/૦૬/૨૦૧૫ના પરિપત્ર ક્રમાંકઃરોતાનિ/સીટીએસ/ચ-૪/ ૨૦૧૫/૨૬૯૯ માં જણાવ્યા મુજબ સુપરન્યુમરી બેઠકો ભરવાની કાર્યવાહી નિયત સમયમર્યાદામાં સંપન્ન કરવાની રહેશે.

૪.૨ ત્યાર બાદ રૂબરૂ મુલાકાતના પ્રથમ દિવસે પ્રથમ દોઢ કલાક દરમ્યાન માજી સૈનિકો અને તેઓના આશ્રિતો માટે નિયત સમય મર્યાદામાં અરજી મળેલ હોય તો, નિયમાનુસાર સંસ્થા / કેન્દ્ર દીઠ **૧૦ (દશ)** અનામત બેઠકોની મર્યાદામાં, હાજર રહેલા ઉકત કેટેગરીના ઉમેદવારોમાંથી મેરીટ ગુણ અનુસાર તેઓની પસંદગી / લાયકાત મુજબની અનામત બેઠકો ભરી દેવી. તેવી જ રીતે પ્રથમ દિવસે પ્રથમ દોઢ કલાક પછીના બીજા દોઢ કલાક દરમ્યાન દિવ્યાંગ ઉમેદવારો માટે સંસ્થા / કેન્દ્ર ખાતેની કુલ ભરવાપાત્ર બેઠકોના ૩ **% (ટકા)** અનામત બેઠકો મુજબ ઉપસ્થિત રહેલા ઉમેદવારોને મેરીટ ગુણ અનુસાર અને **નેશનલ કેરીઅર સર્વિસ સેન્ટર ફોર ડીફરન્ટલી એબ્લેડ, અમદાવાદ** તરફથી આપવામાં આવેલા, **સ્યુટેબીલીટી પ્રમાણપત્ર** મુજબના અને પસંદગીના ટ્રેડમાં અનામત બેઠક ઉપર પ્રવેશ આપવાનો રહેશે.

૪.3 એસ.એસ.સી. બેઝના ઉમેદવારોને સામાન્ય સંજોગોમાં દિવ્યાંગ અને માજી સૈનિકોના ઉમેદવારોના ઈન્ટરવ્યું પુરા થયા પછી નીચેના ક્રમાનુસારની કેટેગરીના, મેરીટ મુજબના ઉમેદવારોને સંસ્થા ખાતે ચાલુ વર્ષની મેરીટ યાદીના ક્રમો ચકાસી તેમજ ગત વર્ષે અપાયેલ પ્રવેશના અનુભવોને ધ્યાને રાખીને રૂબરૂ મુલાકાત માટે બોલાવવાના રહેશે.

૪.૩.૧ મહિલાઓની મેરીટ યાદી.

૪.૩.૨ કોમન મેરીટ યાદી.

૪.૩.૩ અનુસૂચિત જનજાતિ / વિચરતી-વિમુકત જાતિની મેરીટ યાદી.

૪.૩.૪ અનુસૂચિત જાતિની મેરીટ યાદી.

૪.૩.૫ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત (બક્ષીપંચ) કેટેગરીની મેરીટ યાદી.

૪.૪ ઈન્ટરવ્યુના સમય દરમ્યાન જો કોઈ ઉમેદવાર તેના નિર્ધારીત કરેલ સમય કરતાં મોડા આવે તો તેવા અપવાદરૂપ કિસ્સાઓમાં જે તે વખતે જો જગ્યા ખાલી હોય તો તે સમયની ઉપલબ્ધ ખાલી બેઠકો ઉપર મેરીટના ધોરણને અનુલક્ષીને ઓફલાઈન **(OFF**

LINE) માં પ્રવેશ આપવો અને તેવા તમામ કિસ્સાઓની એક અલગ વિગતવાર નોંધ / યાદી વિગેરે અચુક બનાવવી. કે જેમાં જે તે સમયના મેરીટ નંબર, સમય વિગેરે બાબતો આવરી લેવાની રહેશે.

૪.૫ મહિલાઓની મેરીટ યાદી મુજબ બેઠક ભરતી વખતે જો કોઈપણ મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ટ્રેડોની મહિલા અનામત બેઠક માટે પસંદગી ન ધરાવે ત્યારે તેમણે કોમન કેટેગરી કે લાગુ પડતી અનામત વર્ગની કેટેગરી સામે મેરીટ પ્રમાણે ટ્રેડ પસંદગીની છુટ આપવાની રહેશે, અને તેવા ઉમેદવારોને સ્થાનિક પરિસ્થિતિને અનુસાર જે તે દિવસે મેરીટ અનુસાર પુનઃ રૂબરૂ મુલાકાતમાં હાજર રહેવા માટે જાણ કરવાની રહેશે.

૪.૬ જયારે સંસ્થા/ કેન્દ્ર ખાતે ભરવાપાત્ર ટ્રેડોની અનામત વર્ગોની કેટેગરીવાઈઝ ઉપલબ્ધ બેઠકો અને આવેલ અરજીઓ ૧:૧.૪ ના ગુણોત્તર કે તેનાથી ઓછા પ્રમાણમાં જણાય ત્યારે તેવી કેટેગરીના ઉમેદવારોની બેઠકો, મહિલા કેટેગરી બાદ અને ઓપન કેટેગરીની પહેલાં ભરવી. જો એકથી વધારે અનામત વર્ગોમાં આવી પરિસ્થિતિ ઉદ્દભવતી હોય તો સૌથી ઓછી અરજીવાળી કેટેગરી અને ત્યારબાદ તેથી વધુ અરજીવાળી કેટેગરીનાં ઉમેદવારોને ઓપન કેટેગરીના ઉમેદવારોની આગળ બોલાવવા. આમ કરવાથી અનામત કેટેગરીની રિઝર્વ બેઠકો ખાલી રહેથી અન્ય અનામત કેટેગરીમાં કન્વર્ટ થાય છે અને આવી પ્રક્રિયાના અંતે જો ખાલી બેઠકો રહે તો ઓપન કેટેગરીમાં કન્વર્ટ થશે. **(તમામ ઉમેદવારોને રૂબરૂ મુલાકાત અર્થે બોલાવતી સંસ્થાઓને આ સુચના લાગુ પડશે નહિ.)**

૪.૭ રૂબરૂ મુલાકાત માટે મેરીટના ધોરણ અનુસાર દરેક સંસ્થાએ ભરવાપાત્ર બેઠકોની સંખ્યા, મળેલ અરજીપત્રકોની સંખ્યા, અનામત બેઠકોની સંખ્યા વિગેરેની સ્થાનિક કક્ષાએ આવેલ માહિતીનું પૃથ્થકરણ કરીને, કેટકેટલી સંખ્યામાં ઉમેદવારોને બોલાવવા તેનો નિર્ણય સંસ્થાના વડાએ સ્વવિવેક બુદ્ધિથી તથા ભુતકાળના અનુભવોને ધ્યાને રાખીને કરવો. સામાન્ય સંજોગોમાં ધોરણઃ૧૦ પાસ આધારીત વ્યવસાયોમાં કુલ ભરવાપાત્ર બેઠકોની સંખ્યા કરતાં ત્રણ ગણા ઉમેદવારોને કાર્યક્રમ અનુસાર બોલાવવા ઉચિત રહેશે.

૪.૮ પ્રવેશની કાર્યવાહી દરમ્યાન એક જ ટ્રેડની એફીલીએશન પ્રાપ્ત અને અનએફીલીએટેડ બેચોના પ્રવેશ માટે ઉંચા મેરીટ ક્રમાંક ધરાવતા ઉમેદવારે પ્રથમ એફીલીએશન પ્રાપ્ત બેઠક ઉપર પ્રવેશ અપાય તેની કાળજી રાખવાની રહેશે.

૪.૯ જે સંસ્થાઓમાં પ્રવેશ પાત્ર વ્યવસાયોની બેચોમાં પ્રવેશ આપવાનો થતો હોય તેવી બેચો એફીલીએશન પ્રાપ્ત અને અનએફીલીએટેડમાં વહેંચાયેલી હોય તેવા કિસ્સામાં મેરીટ ક્રમ મુજબ આગળ હોય તેવા ઉમેદવારોને એફીલીએશન પ્રાપ્ત બેચમાં ભરવાપાત્ર બેઠકોની સામે પ્રથમ પ્રવેશ આપવાનો રહેશે.

૪.૧૦ એસ.સી./એસ.ટી./બક્ષીપંચ જેવી અનામતમાં સમાવિષ્ટ જાતિઓના ઉમેદવાર કે જેઓ મેરીટ ક્રમાંક મુજબ કોમન (ઓપન) મેરીટની જગ્યા ઉપર પ્રવેશ પાત્ર થતા હોય, તેવા

કિસ્સામાં આવા ઉમેદવારને પ્રથમ ભરવાપાત્ર કોમન (ઓપન) ની એફીલીએશન પ્રાપ્ત બેચની જગ્યા ઉપર પ્રવેશ આપવો, અને મેરીટ ક્રમાંક મુજબ જો આવા ઉમેદવારને જો કોમન (ઓપન) મેરીટના એફીલીએશન પ્રાપ્ત બેચની જગ્યા ઉપર પ્રવેશ ન મળી શકે તેમ હોય તો જ તેઓને જે તે જાતિના અનામત કેટેગરીની ભરવાપાત્ર એફીલીએટેડ જગ્યા ઉપર પ્રવેશ આપવાનો રહેશે.

૪.૧૧ ભરવાપાત્ર બેઠકો પૈકી એફીલીએટેડ બેઠકોમાંની અનામત બેઠકો ઉપર જે તે કેટેગરીના ઉમેદવારને તેઓના મેરીટ ક્રમાનુસાર પ્રથમ પ્રવેશ આપવાનો રહેશે ત્યાર બાદના આવા ઉમેદવારોને અનએફીલીએટેડ બેચમાં પ્રવેશ આપવાનો રહેશે.

૫. **<u>અન્ય સુચનાઓ</u>:**

૫.૧ ભારત સરકારશ્રીના તારીખઃ૧૨/૦૫/૨૦૧૧ના પત્ર ક્રમાંકઃ ડીજીઈટી-૧૨/૧/૨૦૧૧-ટીસી મુજબ **NCVT** ના કોઈ પણ ટ્રેડમાં ભારત સરકારનું **NCVT** નું એફીલીએશનનો ઓર્ડર મળ્યા પહેલાં પ્રવેશ આપવાનો નથી. આ સંજોગોમાં જે બેઠકો **Un affiliated** છે તે તમામ બેઠકો ઉપર **GCVT** પેટર્ન હેઠળ જ પ્રવેશ આપવાની જવાબદારી સંબંધિત સંસ્થાની રહેશે. અને **GCVT** પેટર્નના કોર્સ માટે **GCVT** નું એફીલીએશન મેળવવા માટેની ફાઈલ **GCVT** ને ૬(છ) માસમાં રજુ કરવાની રહેશે. **NCVT** પેટર્નમાં એફીલીએશન નહીં હોવા છતાં જો **NCVT** તરીકે પ્રવેશ આપવામાં આવશે તો તેના કારણે ઉપસ્થિત થતી તમામ જવાબદારી / કાયદાકીય / વહીવટી ગુંચ વગેરે માટે સંબંધિત સંસ્થાની પ્રવેશ કમિટિ / સંસ્થાના વડા જવાબદાર રહેશે.

૫.૨ સરકારશ્રીનાં સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તારીખઃ૧૮/૦૨/૨૦૦૩ના ઠરાવ ક્રમાંકઃસીએઆર/૧૦૯૦/સીઓ/૧૬/હ દ્વારા, ડાંગ જીલ્લા તથા વલસાડ જીલ્લાના ઉમરગાંવ તાલુકાના વિસ્તાર સિવાયના મોચી જ્ઞાતિના ઈસમોને અનુસુચિત જાતિ તરીકે ગણવાનું બંધ કરેલ છે, તેથી આવા ઈસમોને અનુસુચિત જાતિની અનામત બેઠકો ઉપર પ્રવેશનો લાભ આપવાનો રહેશે નહીં. પરંતુ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તારીખઃ૨૭/૦૫/૨૦૦૩ના ઠરાવ ક્રમાંકઃસશપ/૧૧૦૩/ ૧૩૯/અ અન્વયે આવા ઈસમો દ્વારા સક્ષમ અધિકારી તરફથી મેળવવામાં આવેલ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રના આધારે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકેનો લાભ આપવાનો રહેશે. પરંતુ સરકારશ્રી તરફથી આ બાબતે થનાર વખતો વખતના સુધારા તથા નામદાર હાઈકોર્ટના આદેશોને અનુસરવાનું રહેશે.

૫.૩ પ્રવેશ આપતી વખતે પબ્લીક એડ્રેસ સીસ્ટમનો ઉપયોગ અવશ્ય કરવો કે જેથી હાજર તમામ ઉમેદવારો / વાલીઓને પ્રવેશ પ્રક્રિયા દરમ્યાનની અદ્યતન માહિતીઓ / સુચનાઓ આપી શકાય.

૫.૪ નોડલ સંસ્થાઓના આચાર્યશ્રીઓએ પ્રવેશ કાર્યક્રમના અગાઉના દિવસો દરમ્યાન પ્રવેશનું MOCK ADMISSION નું નિદર્શન કરવું અને તાબાની સંસ્થાઓ / કેન્દ્રોના

આચાર્યશ્રીઓએ પ્રવેશ પ્રોગ્રામ વાપરવાની જરૂર જણાય ત્યાં વ્યવસ્થિત તાલીમ / સમજ, માર્ગદર્શન આપવાનું રહેશે. તેમજ સંસ્થા / કેન્દ્ર દીઠ ઉપલબ્ધ અને ભરવાપાત્ર બેઠકો માટે ટ્રેડવાઈઝ, શીફ્ટ વાઈઝ અને યુનિટ વાઈઝ ગ્રૃપ / સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટરોનાં નામોની પ્રોગ્રામમાં ફરજીયાત ENTRY કરાવવાની રહેશે.

૫.૫ ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે પ્રવેશ કાર્યક્રમના રૂબરૂ મુલાકાત વખતે સંલગ્ન સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાના પ્રતિનિધિને પ્રવેશ સમિતિમાં અચુક બોલાવવાના રહેશે.

૫.૬ પ્રવેશ પ્રક્રિયા ઝડપથી પૂર્ણ થાય તેવા આશયથી પ્રવેશ સ્વીકૃતીપત્ર પ્રિન્ટીંગ, ટયુશન ફી/ડીપોઝીટ સ્વીકાર, પ્રમાણપત્રોની ચકાસણી વિગેરે વ્યવસ્થા અલગ અલગ રાખવી. તેમજ સ્થાનિક પરિસ્થિતિને અનુલક્ષીને ઉપલબ્ધ માળખાકીય સુવિધાઓનો મહત્તમ ઉપયોગ કરીને સમગ્ર કામગીરી સરળતાથી તથા ઝડપથી નિર્વિઘ્ન પૂર્ણ થાય તેવી વ્યવસ્થા કરવી.

૫.૭ સમગ્ર પ્રવેશ કાર્યવાહી સુચારૂ રીતે અને પારદર્શક રીતે થાય તે માટે જરૂરી તમામ પ્રબંધ, વ્યવસ્થા ગોઠવવાની રહેશે કે જેથી સરળતાપૂર્વક સમયમર્યાદામાં પ્રવેશ પ્રક્રિયા સફળતા પૂર્વક પૂર્ણ કરી શકાય.

૫.૮ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી પુરતો પોલીસ બંદોબસ્ત મળી રહે તે માટે કલેકટરશ્રી / ડી.એસ.પી. / પોલીસ સ્ટેશનમાં અગાઉથી જાણ કરવાની રહેશે.

૫.૯ NCVT પેટર્નના એફીલીએટેડ વ્યવસાયો પૈકી કુલ-૧૬ વ્યવસાયોમાં જે તે સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ અને ઇન્ડસ્ટ્રીઝ સાથે MoU કરી ડ્યુઅલ સીસ્ટમ હેઠળ તાલીમ આપવા માટે ગુજરાત રાજ્યમાં પણ ડ્યુઅલ સીસ્ટમ ઓફ ટ્રેનીંગ અમલી બનાવવામાં આવેલ છે. આ અંગે સંસ્થા ખાતે આવનાર પ્રવેશ ઇચ્છુંક ઉમેદવારોને વાકેફ કરવાના રહેશે.

૫.૧૦ રાજ્યની સરકારી/ગ્રાન્ટ-ઇન-એઇડ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં ચાલતા NCVT/ GCVT પેટર્નના વ્યવસાયોમાં પ્રવેશ મેળવવા માટેની શૈક્ષણિક લાયકાતના ધોરણો DGT/GCVT ની વેબસાઇટ ઉપર દર્શાવેલ સીલેબસ મુજબ આખરી ગણાશે.

## <u>પ્રવેશના બીજા તબક્કાની કાર્યપદ્ધતિ:</u>

પ્રથમ રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નીચે દર્શાવેલ માર્ગદર્શક સૂચનાઓ ધ્યાને લઇ પ્રવેશના બીજા તબક્કાની કાર્યવાહી <u>**તારીખ:૧૬/૦૮/૨૦૧૮**</u> સુધીમાં પ્રવેશ કાર્યવાહી પૂર્ણ કરવાની થાય છે.

૧. પ્રવેશ એકશનપ્લાન મુજબ <u>**તારીખ:૦૧/૦૮/૨૦૧૮**</u> થી નવા ઉમેદવારોને હાજર કરવાના રહેશે.

૨. માહિતી પુસ્તિકાના પાના નં.૬ ખાસનોંધ મુદ્દા નં.(૨) માં જણાવ્યા અનુસાર ઉમેદવાર <u>**તારીખ:૧૦/૦૮/૨૦૧૮**</u> સુધીમાં હાજર ન થાય તો પ્રવેશ રદ થવા પાત્ર થાય છે.

૩. **તારીખ:૧૧/૦૮/૨૦૧૮** ના રોજ સંસ્થા કક્ષાએ ખાલી પડેલ / ખાલી રહેલ બેઠકો ભરવા માટે હાજર થયેલ તાલીમાર્થીઓ પૈકી ટ્રેડ ટ્રાન્સફર કરાવવા ઇચ્છુંક ઉમેદવારો પાસેથી અરજીઓ મેળવી ખાલી પડેલ / ખાલી રહેલ બેઠકો ટ્રેડ ટ્રાન્સફરથી ભરવાની પ્રક્રિયા **તારીખ:૧૨/૦૮/૨૦૧૮** ના રોજ નીચે જણાવેલ માર્ગદર્શક સૂચનાઓ ધ્યાને લઇ હાથ ધરવાની રહેશે.

## <u>ટ્રેડ ટ્રાન્સફરની કાર્યપદ્ધતિ:</u>

૧. સૌ પ્રથમ ટ્રેડ ટ્રાન્સફર કરતા પહેલાં **ઓગષ્ટ-૨૦૧૮** ના પ્રવેશસત્ર દરમ્યાન સંસ્થા ખાતે ભરવા પાત્ર દરેક ટ્રેડમાં હાજર ન થયેલ, રાજીનામું આપેલ, નામ રદ કરેલ, સતત ગેરહાજરને કારણે નામકમીની એન્ટ્રી કરવી જરૂરી છે. જે અન્વયે **તારીખ:૧૧/૦૮/૨૦૧૮** સુધીમાં આ તમામ એન્ટ્રી સંસ્થા કક્ષાએ કરવાની રહેશે. તથા આ અંગેની નીચે મુજબના પત્રકમાં માહિતી તૈયાર રાખવી.

| ક્રમ | ટ્રેડ | શીફ્ટ | યુનિટ | રોલ નંબર | તાલીમાર્થીનું નામ |
|---|---|---|---|---|---|
| | | | | | |

જે તાલીમાર્થીઓ ટ્રેડ બદલવા માંગતા હોય તેની એન્ટ્રી પણ ઓનલાઇન કરવાની રહેશે.

૧. ટ્રેડ ટ્રાન્સફર કરેલ તાલીમાર્થીને એફીલીએશન અંગેનો હક્ક છેવટનો રહેશે.
૨. ટ્રેડ ટ્રાન્સફર તેવા ટ્રેડમાં ન કરવી જ્યાં મંજૂર બેઠકોની સાપેક્ષે ભરાયેલ બેઠકો ઘટી જાય.
૩. ટ્રેડ ટ્રાન્સફર થવાથી તાલીમાર્થીનો રોલ નંબર સોફ્ટવેર દ્વારા અપાશે.
૪. ટ્રેડ ટ્રાન્સફર મેરીટ મુજબ જ કરવાનું રહેશે.
૫. ટ્રેડ ટ્રાન્સફર દરમ્યાન એફીલીએશન અન્વયેની પ્રાધાન્ય મેરીટ મુજબ રહેશે.
૬. ટ્રેડ ટ્રાન્સફરમાં મેરીટને પ્રાધાન્ય આપવાનું રહેશે.

૨. એસ.એસ.સી / એચ.એસ.સી.માં એક વિષયમાં પાસ થયેલ ઉમેદવારો તથા પ્રથમ રાઉન્ડમાં પ્રવેશથી વંચિત રહેલ ઉમેદવારોને પુરેપુરો લાભ મળે તથા સંસ્થાની બેઠકોનો મહત્તમ ઉપયોગ થાય તે આશયથી બીજા રાઉન્ડની પ્રવેશ કાર્યવાહી નીચે મુજબ હાથ ધરવાની રહેશે.

**૨.૧** મેરીટ યાદી સંપૂર્ણ પણે પૂર્ણ થયેલ હોય અને બેઠકો ખાલી હોય તેવી સંસ્થાઓ માટે નોડલ સંસ્થાએ તેમના હસ્તકની સરકારી / જી.આઇ.એ. સંસ્થાની વિગતો આવરી લઇ આ સાથે સામેલ નમૂના મુજબ જે તે જિલ્લામાં બહોળી પ્રસિદ્ધિ ધરાવતા કોઇ પણ **<u>૨(બે)</u>** ગુજરાતી અખબારમાં જાહેરાત આપવાની રહેશે.

**૨.૨** જે ઉમેદવારો રજીસ્ટ્રર્ડ થયેલ હોય અને પસંદગીના વ્યવસાયમાં પ્રવેશ ન મળેલ હોય, કોલ લેટર પ્રિન્ટ ન કરી શકેલ હોય કે કોઇ અન્ય કારણોસર પ્રવેશથી વંચિત રહેલ હોય / ગેરહાજર રહેલ હોય તેઓએ પણ **રૂ.૫૦/-** રજીસ્ટ્રેશન ફી ભરેલ હોય તેની પહોંચ સાથે **<u>નવીન અરજી ઓનલાઇન કરવાની રહેશે.</u>**

**૨.૩** પ્રવેશ કાર્યવાહીનો પ્રથમ તબક્કો પૂર્ણ થયા પછી સંસ્થાઓ ખાતે ખાલી રહેલ / ખાલી થયેલ બેઠકો ભરવા માટે સંસ્થા કક્ષાએ મેરીટ યાદીમાં ઉમેદવારો બાકી હોય તો તેવા ઉમેદવારો તથા મેરીટ યાદી સંપૂર્ણ પૂર્ણ થયેલ હોય તેવી સંસ્થાઓએ **<u>તારીખઃ૨૭/ ૦૭/૨૦૧૮ થી તારીખઃ૧૧/૦૮/૨૦૧૮</u>** સુધીમાં ઓનલાઇન અરજીઓ મેળવવાની રહેશે.

**૨.૪** **નોડલ સંસ્થાએ** તેમની તથા તેમના તાબા હેઠળની સંસ્થાઓ માટે મળેલ અરજીઓનું સંયુક્ત (જનરલ) મેરીટલીસ્ટ પ્રોગ્રામ દ્વારા ઓનલાઇન જનરેટ કરી **<u>તારીખઃ૧૪/૦૮/ ૨૦૧૮</u>** સુધીમાં નોટીશ બોર્ડ ઉપર પ્રસિદ્ધ કરવાનું રહેશે.

**૨.૫** **<u>તારીખઃ૧૬/૦૮/૨૦૧૮</u>** ના નોડલ સંસ્થા તથા તેમના તાબા હેઠળની સંસ્થાઓની ખાલી રહેલ / ખાલી થયેલ બેઠકોની બીજા તબક્કાની પ્રવેશ કાર્યવાહી હાથ ધરવાની રહેશે. જેમાં ટ્રેડ ટ્રાન્સફરથી ખાલી રહેલ /ખાલી થયેલ જગ્યાઓનો પણ સમાવેશ કરવાનો રહેશે. બીજા રાઉન્ડની પ્રવેશની તમામ પ્રક્રિયા નોડલ સંસ્થા કક્ષાએથી હાથ ધરવાની રહેશે.

**૨.૬** સંસ્થાના વડાએ પ્રથમ રાઉન્ડમાં જે ઉમેદવારો રજીસ્ટ્રર્ડ થયેલ હોય અને પસંદગીના વ્યવસાયમાં પ્રવેશ ન મળેલ હોય, કોલ લેટર પ્રિન્ટ ન કરી શકેલ હોય કે કોઇ અન્ય કારણોસર પ્રવેશથી વંચિત રહેલ હોય / ગેરહાજર રહેલ હોય તેઓને પણ સંબધકર્તા સંસ્થાએ આ નવીન અરજી ફોર્મ ઓનલાઇન ભરવા માટે ઉમેદવારોને **SMS** દ્વારા જાણ કરવાની રહેશે. આવા ઉમેદવારોએ અગાઉ **રૂ.૫૦/-** રજીસ્ટ્રેશન ફી ભરેલ હોઇ ફરીથી ફી લેવાની રહેતી નથી. ફક્ત ફી ની ઝેરોક્ષ નકલ ફોર્મ સાથે બિડવાની રહેશે.

**૨.૭** બીજા રાઉન્ડ અંગેના https://e-trams.gujarat.gov.in/ નોડલ કક્ષાના ઓનલાઇન પ્રોગ્રામની તેમજ ત્રીજા રાઉન્ડ અંગેના **https://e-trams.gujarat.gov.in/** જેતે સંસ્થા કક્ષાના ઓનલાઇન પ્રોગ્રામની  જાણ ઈ-મેઇલથી કરવામાં આવશે.

**૨.૮** તમામ સંસ્થાઓએ તેમની સંસ્થા ખાતે ખાલી રહેલ બેઠકો સંસ્થાના નોટીસ બોર્ડ ઉપર પ્રસિદ્ધ કરવા અંગત કાળજી લેવાની રહેશે. તથા ઓનલાઇન નવા ફોર્મ ભરનાર ઉમેદવારને ફોર્મ ભરતી વખતે આપવાની રહેશે.

૨.૯ નોડલ સંસ્થાએ **<u>તારીખઃ૧૬/૦૮/૨૦૧૮</u>** ના રોજ સંસ્થા ખાતે પ્રવેશ માટે હાજર રહેનાર ઉમેદવારોને ખાલી રહેતી બેઠકોની સંસ્થા/ ટ્રેડવાઇઝ પ્રિન્ટઆઉટ આપવાની રહેશે. જેથી ઉમેદવારોને તેમની પસંદગી માટે સરળતા રહે.

## <u>પ્રવેશના ત્રીજા તબક્કાની વહેલા તે પહેલાના ધોરણેની પ્રવેશ કાર્યપદ્ધતિ:</u>

**<u>તારીખઃ૩૧/૦૮/૨૦૧૮</u>** ના રોજ પ્રવેશ કાર્યવાહી સંપૂર્ણ પણે સંપન્ન થાય તે રીતે પ્રવેશના ત્રીજા તબકકાની વહેલા તે પહેલાના ધોરણેની પ્રવેશ કાર્યવાહી હાથ ધરવાની રહેશે. આ માટે ખાલી રહેલ બેઠકો ભરવા માટે સંસ્થા ખાતે નવેસરથી પ્રવેશ ફોર્મ ભરાવવા તથા પ્રવેશ ફોર્મ પરત લેવાની પ્રક્રિયા **<u>તારીખઃ૧૮/૦૮/૨૦૧૮થી તારીખઃ૨૨/૦૮/૨૦૧૮</u>** દરમ્યાન હાથ ધરવાની રહેશે. તેમજ પ્રથમ તબકકા/બીજા તબકકામાં પ્રવેશથી વંચિત રહી ગયા હોય તેવા ઉમેદવારો તથા નવા ભરેલ પ્રવેશ ફોર્મ વાળા ઉમેદવારોને, સંબંધિત ઔદ્યોગિક તાલીમ સંસ્થાની ખાલી રહેલ બેઠકો ઉપર પ્રવેશની તક આપવા માટે દરેક ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓએ ઉમેદવારોને સંસ્થા ખાતે **<u>તારીખઃ૨૩/૦૮/૨૦૧૮</u>** ના રોજ રૂબરૂ બોલાવી **"વહેલા તે પહેલા ના ધોરણે"** મેરીટ અનુસાર પ્રવેશની કાર્યવાહી નીચે પ્રમાણે હાથ ધરવાની રહેશે.

૧. પ્રથમ તબકકા / બીજા તબકકામાં પસંદગી પ્રમાણેનો ટ્રેડ મળવાપાત્ર ન હોવાના કારણે પ્રવેશથી વંચિત રહયા હોય તેવા ઉમેદવારો / કોલલેટર પ્રિન્ટ ન કરી શકવાને કારણે અથવા અન્ય કારણોસર રૂબરૂ મુલાકાત માં હાજર રહી શકયા ન હોય તેવા ઉમેદવારો તથા નવા પ્રવેશ ફોર્મ ભરેલ ઉમેદવારોને સંબંધિત ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે સ્વેચ્છાએ / સ્વખર્ચે હાજર રહેવા જાણ કરવી. જે ઉમેદવાર પ્રથમ તબકકા / બીજા તબકકાના રૂબરૂ મુલાકાતમાં ઉપસ્થિત થયેલ હોય તેમજ પસંદગી પ્રમાણેનો ટ્રેડ ન મેળવી શકેલ હોય તેમને પણ ઉકત કાર્યક્રમનો લાભ લેવા જણાવવુ.

૨. દરેક સંસ્થાએ પ્રવેશના પ્રથમ અને બીજો તબકકો પૂર્ણ કરેલ હોય નોટિસ બોર્ડ પર વ્યવસાયવાર ખાલી બેઠકોની વિગતો સ્પષ્ટ પણે જાહેર જનતાને વંચાય તેવી રીતે મોટા અક્ષરે પ્રદર્શીત કરીને દર્શાવવાની રહેશે.

૩. **જે જે સંસ્થાઓએ પ્રથમ અને બીજા તબકકામાં તમામ ઉમેદવારોને ઈન્ટરવ્યુમાં** બોલાવેલ છે તેમ છતાં જગ્યાઓ ખાલી રહે તેવી તમામ સરકારી / ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે ખાલી રહેલ બેઠકો ઉપર રજીસ્ટર્ડ થયેલ, પરંતુ પ્રવેશથી વંચિત એવા ઉમેદવારોને, જે તે ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે ઉપસ્થિત રહી પ્રવેશ મેળવવાની તક ઝડપવા માટે, યોગ્ય માધ્યમ મારફતે માહિતગાર કરવાના રહેશે.

૪. આવા ઉમેદવારોએ અગાઉ ફોર્મ ભરતી વખતે રજીસ્ટ્રેશન ફી ભરેલ હોવાથી, રજીસ્ટ્રેશન ફી રૂા.૫૦/- પુનઃ લેવાની રહેશે નહી. પરંતુ નિયત નમૂનામાં નવીન પ્રવેશ

ફોર્મ ભરનાર ઉમેદવારો પાસેથી રજીસ્ટ્રેશન ફી રૂા.૫૦/- નિયમોનુસાર લેવાની રહેશે. (પ્રવેશ ફોર્મનો નમૂનો https://itiadmission.gujarat.gov.in મુજબનો જ રહેશે.)

૫. સદર ત્રીજા તબકકાની વ્યવસ્થા માત્ર **ઓગસ્ટ-૨૦૧૮** ના સત્ર માટે સ્વીકારવામાં આવેલ પ્રવેશપત્રો તથા નવા પ્રવેશ ફોર્મ ભરેલ ઉમેદવારો માટે જ છે.

૬. સંબંધિત ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે ઉપર પ્રમાણે જણાવ્યા અનુસાર ઉપસ્થિત રહેલા રજીસ્ટર્ડ ઉમેદવારો તથા નવી આવેલ અરજીઓના ઉમેદવારોની કોમન મેરીટ યાદી તૈયાર કરી, સંસ્થા કક્ષાએ ૦૩ (ત્રણ) સભ્યોની કમિટિ બનાવી ખાલી રહેલ બેઠકો ઉપર મેરીટના ધોરણે અનુસાર **તારીખ:૨૩/૦૮/૨૦૧૮** ના રોજ પ્રવેશ આપવાની નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

૭. સંબંધિત સંસ્થા ખાતેની ખાલી રહેલ બેઠકો માટે ઉપસ્થિત રહેલ ઉમેદવારોની કોમન મેરીટ યાદી બનાવવી. મેરિટ ક્રમાનુસાર ઉમેદવારની રૂબરૂ મુલાકાત ગોઠવવી. જે તે વ્યવસાયમાં મેરિટ અનુસાર, પ્રવેશના નિયમોનુસાર પ્રવેશ આપવાની કાર્યવાહી હાથ ધરવી.

૮. સદર સમગ્ર આયોજન અંગે નાયબનિયામકશ્રી (તાલીમ)/ કાર્યક્રમ આયોજક સંસ્થાઓ દ્વારા અખબારમાં વિના મૂલ્યે પ્રેસનોંધ પણ આપવી.

૯. ફકત પ્રથમ / બીજા રાઉન્ડ અંતિત ખાલી રહેલ બેઠકો જ ભરવાની રહેશે. રાજીનામું, નામ કમી, ભાગે ડુ જાહેર કરવા કે અન્ય કોઈ પણ કારણોસર ખાલી થયેલ જગ્યાઓ ભરવાની રહેતી નથી.

૧૦. આ તમામ પ્રવેશ કાર્યવાહી, **ઓગષ્ટ-૨૦૧૮** ના પ્રવેશ સત્ર માટે આ કચેરી તરફથી વખતો વખત બહાર પાડવામાં આવેલા પરિપત્રો તથા મીટીંગોમાં આપવામાં આવેલ સુચનાઓના હાર્દને ધ્યાને રાખીને પ્રવેશના નિયમોનુસાર પુર્ણ કરવાની રહેશે.

૧૧. ઉપર મુજબની પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન જે ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવેલ હોય તેવા ઉમેદવારોના પ્રવેશફોર્મની એન્ટ્રી તથા ફોટો અપલોડ https://itiadmission.gujarat.gov.in/ ઉપર **તારીખ:૦૧/૦૯/૨૦૧૮** ના રોજ કરવાની રહેશે. તથા પ્રવેશ અપાયેલ ઉમેદવારોની પ્રવેશની એન્ટ્રી https://e-trams.gujarat.gov.in માં **તારીખ:૦૪/૦૯/૨૦૧૮** ના રોજ કરવાની રહેશે. આ સંપૂર્ણ કાર્યવાહી જે તે પ્રાદેશિક કચેરીના તાબા હેઠળની તમામ સંસ્થાઓ દ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે તેવું પ્રમાણપત્ર સંબંધિત પ્રાદેશિક કચેરીએ વડી કચેરીને **તારીખ:૦૫/૯/૨૦૧૮** ના રોજ મોકલી આપવાનું રહેશે.

૧૨. આ પ્રવેશ કાર્યક્રમમાં સંસ્થા વાઈઝ કેટલા પ્રવેશફોર્મ મળેલ તે પૈકી કેટલાને પ્રવેશ આપવામાં આવેલ છે તે અંગેની માહિતી દરેક સંસ્થાએ તેઓના નાયબ નિયામકશ્રી (તાલીમ)ને મોકલી આપવાની રહેશે.અને નાયબ નિયામકશ્રી(તાલીમ)એ તેઓના નિયંત્રણ હેઠળની સંસ્થાઓની સંસ્થાવાઈઝ સંકલીત માહિતી આ કચેરીને મોકલવાની રહેશે.

૧૩. જરૂર જણાયે જાહેર રજાના દિવસે પણ સંસ્થા ચાલુ રાખી પ્રવેશ કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે.

૧૪. ઉપરોકત માર્ગદર્શક સુચનાઓ ઉપરાંત દર વર્ષે આપવામાં આવતી પ્રવેશ સંબધિત સ્થાયી માર્ગદર્શક સુચનાઓનો પણ અમલ કરવાનો રહેશે.

ઉપરોકત સમગ્ર પ્રવેશ પ્રક્રિયા <u>તારીખઃ૩૧/૦૮/૨૦૧૮</u> સુધીમાં સંસ્થા કક્ષાએ પૂર્ણ કરવાની રહેશે. વધુમાં પ્રવેશસત્ર દરમ્યાન મોકલવામાં આવતી રાબેતા મુંજબની આંકડાકીય **પત્રકઃ૧ થી ૫ (જુનિયર તેમજ સીનીયર સહિત)** ની માહિતી નિયત નમૂનામાં પ્રિન્ટઆઉટ તથા તેની સી.ડી. સહીત આ કચેરીને રૂબરૂમાં <u>તારીખઃ૧૦/૦૯/૨૦૧૮</u> ના રોજ પહોંચાડવાની રહેશે.

ઉપરોકત તમામ સુચનાઓનો ચુસ્તપણે તમામ સંસ્થાના વડાઓએ અમલ કરવાનો રહેશે.

સહી -
(અવંતિકા સિંઘ),IAS
નિયામક
રોજગાર અને તાલીમ
ગાંધીનગર.

રવાના કર્યુઃ
(એ.સી.મુલિયાણા)
નાયબ નિયામક(તાલીમ)
રોજગાર અને તાલીમ
ગાંધીનગર

<u>બિડાણ</u> : પ્રવેશ સત્ર ઓગષ્ટ-૨૦૧૮ એકશન પ્લાન

<u>નકલ રવાના જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ :</u>

૧. નાયબ નિયામકશ્રી (તાલીમ), પ્રાદેશિક કચેરી, અમદાવાદ/ વડોદરા / રાજકોટ / સુરત તથા આઈ.ટી.સી. વડોદરા તરફ.
૨. તમામ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ / ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોના વડાઓ તરફ.
૩. વડી કચેરીની શાખાઃઘ (જીઆઈએ), શાખાઃ ચ(૬), આઈ.ટી.સેલ., જી.સી.વી.ટી. તરફ.
૪. સુપ્રિટેન્ડેન્ટશ્રી નેશનલ કેરીઅર સર્વિસ સેન્ટર ફોર ડીફરન્ટલી એબ્લેડ, અમદાવાદ કુબેરનગર, અમદાવાદ તરફ.

**નકલ સવિનય રવાનાઃ**

૫. કમિશ્નરશ્રી, ટેકનીકલ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં.૨-ડી, કર્મયોગી ભવન, છઠ્ઠો માળ, સેકટર-૧૦ /એ, ગાંધીનગર-૩૮૨૦૧૦.
૬. ટેકનિકલ નિયામકશ્રી, નેશનલ ઈન્ફોર્મેટીક સેન્ટરર(NIC), બ્લોક નં.૧૩/૨જો માળ, સચિવાલય, ગાંધીનગર તરફ ઘટતું થવા સારૂ.

નાડીયા/ Final Admission Circular-2018 .doc/

## પ્રવેશ સત્ર ઓગષ્ટ-૨૦૧૮નો એકશન પ્લાન

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| **પ્રથમ રાઉન્ડની પ્રવેશ કાર્યવાહી માટે** | | |
| ૧ | ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવાનું શરૂ કરવાની તારીખ | તારીખ:૦૧/૦૬/૨૦૧૮ |
| ૨ | ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવા તથા કન્ફર્મ કરવાની છેલ્લી તારીખ | તારીખ:૨૨/૦૬/૨૦૧૮ |
| ૩ | પ્રવેશ ફોર્મ આઇ.ટી.આઇ. ખાતે રજીસ્ટર્ડ કરવાની છેલ્લી તારીખ અને સમય | તારીખ:૨૩/૦૬/૨૦૧૮ સાંજે ૧૭.૦૦ કલાક સુધી |
| ૪ | પ્રવેશ ફોર્મની સંસ્થા કક્ષાએ ઓનલાઇન મેળવણું કરવાની તારીખ | તારીખ:૨૭/૦૬/૨૦૧૮ થી તારીખ:૨૮/૦૬/૨૦૧૮ |
| ૫ | રૂબરૂ મુલાકાતનો કાર્યક્રમ તમામ સંસ્થાએ ઓનલાઇન ડેટા એન્ટ્રી કરવાની તારીખ | તારીખ:૨૯/૦૬/૨૦૧૮ |
| ૬ | ઓનલાઇન મેરીટ અને કોલલેટર પ્રસિદ્ધ કરવાની તારીખ | તારીખ:૩૦/૦૬/૨૦૧૮ |
| ૭ | ઉમેદવારોને સોફટવેરના ઉપયોગથી SMS કરવાની તારીખ | તારીખ:૦૧/૦૭/૨૦૧૮ થી તારીખ:૦૪/૦૭/૨૦૧૮ |
| ૮ | સંસ્થા કક્ષાએ રૂબરૂ મુલાકાત અને પ્રવેશ આપવા અંગેની કાર્યવાહી | તારીખ:૦૫/૦૭/૨૦૧૮ થી તારીખ:૨૯/૦૭/૨૦૧૮ |
| ૯ | પ્રવેશ સત્ર શરૂ કરવાની તારીખ | તારીખ:૦૧/૦૮/૨૦૧૮ |
| **ટ્રેડ ટ્રાન્સફરની પ્રવેશ કાર્યવાહી માટે( જે તે સંસ્થા કક્ષાએ)** | | |
| ૧ | ટ્રેડ ટ્રાન્સફર માટે તાલીમાર્થીઓ પાસેથી અરજી મેળવવાની તારીખ | તારીખ:૧૧/૦૮/૨૦૧૮ |
| ૨ | તાલીમાર્થીઓને મેરીટ આધારીત ટ્રેડ ટ્રાન્સફર આપવાની તારીખ | તારીખ:૧૨/૦૮/૨૦૧૮ |
| **બીજા રાઉન્ડની નોડલ સંસ્થા કક્ષાએ પ્રવેશ કાર્યવાહી માટે** | | |
| ૧ | ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવાનું શરૂ કરવાની તારીખ | તારીખ:૨૭/૦૭/૨૦૧૮ |
| ૨ | પ્રવેશ ફોર્મ આઇ.ટી.આઇ. ખાતે રજીસ્ટર્ડ કરવાની છેલ્લી તારીખ અને સમય | તારીખ:૧૧/૦૮/૨૦૧૮ સાંજે ૧૮.૦૦ કલાક સુધી |
| ૩ | નોડલ સંસ્થા ખાતે મેરીટ લીસ્ટ પ્રસિદ્ધ કરવાની તારીખ | તારીખ:૧૪/૦૮/૨૦૧૮ |
| ૪ | નોડલ સંસ્થા ખાતે રૂબરૂ મુલાકાત અને પ્રવેશ આપવા અંગેની કાર્યવાહીની તારીખ | તારીખ:૧૬/૦૮/૨૦૧૮ સવારે ૧૧.૦૦ કલાક |
| **ત્રીજા રાઉન્ડની પ્રવેશ કાર્યવાહી માટે (વહેલા તે પહેલાના ધોરણે) (જે તે સંસ્થા કક્ષાએ)** | | |
| ૧ | ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવાનું શરૂ કરવાની તારીખ | તારીખ:૧૮/૦૮/૨૦૧૮ |
| ૨ | પ્રવેશ ફોર્મ આઇ.ટી.આઇ. ખાતે રજીસ્ટર્ડ કરવાની છેલ્લી તારીખ અને સમય | તારીખ:૨૨/૦૮/૨૦૧૮ સાંજે ૧૮.૦૦ કલાક સુધી |
| ૩ | જે તે સંસ્થા ખાતે મેરીટ લીસ્ટ પ્રસિદ્ધ કરવાની તારીખ | તારીખ:૨૩/૦૮/૨૦૧૮ બપોરે ૧૨.૦૦ કલાક સુધી |
| ૪ | જે તે સંસ્થા ખાતે રૂબરૂ મુલાકાત અને પ્રવેશ આપવા અંગેની કાર્યવાહીની તારીખ | તારીખ:૨૩/૦૮/૨૦૧૮ બપોરે ૧૩.૦૦ કલાક |

નાડીયા/ Final Admission Circular-2018 .doc/

# ગુજરાત સરકાર

## ઓગષ્ટ-૨૦૧૮ના પ્રવેશ સત્રમાં ખાલી રહેતી બેઠકો ઉપર આઇ.ટી.આઇ./આઇ.ટી.સી.માં પ્રવેશ બાબત

રોજગાર અને તાલીમ ખાતાના નિયંત્રણ હેઠળની રાજયની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ................., ................., .................તેમજ ગ્રાન્ટ-ઇન-એઇડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો................., ................. માં કેટલાક વ્યવસાયોમાં પ્રવેશસત્ર **ઓગષ્ટ-૨૦૧૮** માં જૂજ બેઠકો ખાલી રહેલ છે. આથી પ્રવેશવાંચ્છુ ઉમેદવારોએ ઉક્ત સંસ્થાઓ ખાતેથી તેમજ ઇન્ટરનેટના માધ્યમથી ઓનલાઇન https://itiadmission.gujarat.gov.in ઉપરથી નવીન પ્રવેશ ફોર્મ ભરી જે સંસ્થા ખાતે પ્રવેશ મેળવવા ઇચ્છતા હોય તે સંસ્થા ખાતે નીચે દર્શાવ્યા મુજબ રૂ.૫૦/- રજીસ્ટ્રેશન ફી સાથે જરૂરી પ્રમાણપત્રો સહીત પરત જમા કરાવવાનું રહેશે. જે ઉમેદવારોએ અગાઉ ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરેલ હોય અને કોઇ કારણોસર પ્રવેશ મેળવી શકેલ ન હોય તો તેવા ઉમેદવારોએ અલગથી રજીસ્ટ્રેશન ફી ભરવાની રહેતી નથી તેઓએ ઓનલાઇન પ્રવેશ ફોર્મ, રજીસ્ટ્રેશનની રસીદની ઝેરોક્ષ નકલ સહીત સંબધિત સંસ્થાને અરજી કરવાની રહેશે.

ઉપરોક્ત સંસ્થાઓની બેઠકો ભરવાની બીજા રાઉન્ડ કાર્યવાહી નોડલ ઔદ્યોગિક તાલીમ સંસ્થા ..................ખાતે નીચે નિર્દીષ્ટ કાર્યક્રમ મુજબ કરવામાં આવનાર છે. જ્યારે ત્રીજા રાઉન્ડ કાર્યવાહી જે તે ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે નીચે નિર્દીષ્ટ કાર્યક્રમ મુજબ કરવામાં આવનાર છે. જેનો પ્રવેશવાંચ્છુ ઉમેદવારોએ લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| | **બીજા રાઉન્ડની પ્રવેશ કાર્યવાહી માટે** | |
| ૧ | ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવાનું શરૂ કરવાની તારીખ | ૨૭/૦૭/૨૦૧૮ |
| ૨ | પ્રવેશ ફોર્મ આઇ.ટી.આઇ. ખાતે રજીસ્ટર્ડ કરવાની છેલ્લી તારીખ | ૧૧/૦૮/૨૦૧૮<br>સાજે ૧૮.૦૦ કલાક સુધી |
| ૩ | નોડલ સંસ્થા ખાતે મેરીટ લીસ્ટ પ્રસિદ્ધ કરવાની તારીખ | ૧૪/૦૮/૨૦૧૮<br>સાજે ૧૬.૦૦ કલાક સુધી |
| ૪ | નોડલ સંસ્થા ખાતે રૂબરૂ મુલાકાત અને પ્રવેશ આપવા અંગેની કાર્યવાહી | ૧૬/૦૮/૨૦૧૮<br>સવારે ૧૧.૦૦ કલાકે |
| | **ત્રીજા રાઉન્ડની વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ કાર્યવાહી માટે** | |
| ૧ | ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવાનું શરૂ કરવાની તારીખ | ૧૮/૦૮/૨૦૧૮ |
| ૨ | પ્રવેશ ફોર્મ આઇ.ટી.આઇ. ખાતે રજીસ્ટર્ડ કરવાની છેલ્લી તારીખ | ૨૨/૦૮/૨૦૧૮<br>સાજે ૧૮.૦૦ કલાક સુધી |
| ૩ | જે તે સંસ્થા ખાતે મેરીટ લીસ્ટ પ્રસિદ્ધ કરવાની તારીખ | ૨૩/૦૮/૨૦૧૮<br>બપોરે ૧૨.૦૦ કલાક સુધી |
| ૪ | જે તે સંસ્થા ખાતે રૂબરૂ મુલાકાત અને પ્રવેશ આપવા અંગેની કાર્યવાહી | ૨૩/૦૮/૨૦૧૮<br>બપોરે ૧૩.૦૦ કલાકે |

આચાર્ય
ઔદ્યોગિક તાલીમ સંસ્થા
નોડલ...............................

નાડીયા/ Final Admission Circular-2018 .doc/